E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 10 * Issue No. 326 * Date: 16.09.2024,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ૧૧,૦૦,૦૦,૦૦૦ શ્રદ્ધાળુઓએ ૬ મહિનામાં રામમંદિરના કર્યા દર્શન, વિદેશી પર્યટકો પણ ઉમટ્યા



અયોધ્યામાં ભગવાન રામજીનું મંદિર બન્યા બાદ તેની મુલાકાત લેનારાઓની સંખ્યા સતત વધી રહી છે. મૂર્તિ પ્રતિષ્ઠા બાદથી એટલે કે જાન્યુઆરીથી જૂન દરમિયાન લગભગ ૧૧ કરોડ શ્રદ્ધાળુઓ શ્રી રામલલાના દર્શન કર્યા છે. આ સંદર્ભે, પ્રવાસન વિભાગે ઉત્તર પ્રદેશના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લેતા પ્રવાસીઓની સંખ્યા જાહેર કરી છે. આ હિસાબે રાજ્યમાં ૩૨.૯૮ કરોડ પ્રવાસીઓનો ધસારો થયો છે, જ્યારે ગત વર્ષે આ જ છ મહિનામાં ૧૯.૬૦ કરોડ પ્રવાસીઓ આવ્યા હતા.

ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે છ મહિનામાં ૧૩.૩૮ કરોડ વધુ પ્રવાસીઓ આવ્યા છે. જેમાં ૩૨.૮૭ કરોડ સ્થાનિક અને ૧૦.૩૬ લાખ વિદેશી પ્રવાસીઓનો સમાવેશ થાય છે. વિદેશી પ્રવાસીઓને આગ્રા અને વારાણસી સૌથી વધુ પસંદ આવ્યા છે. સૌથી વધુ ૭.૦૩ લાખ પ્રવાસીઓ આગ્રા અને ૧.૩૩ લાખ પ્રવાસીઓએ વારાણસીની મુલાકાત લીધી હતી. આ અંગે પ્રવાસન મંત્રી જયવીર સિંહે જણાવ્યું હતું કે તાજેતરના વર્ષોમાં રાજ્યમાં પ્રવાસનનો ઝડપથી વિકાસ થયો છે. આ વર્ષે શ્રી રામ જન્મભૂમિ અયોધ્યામાં શ્રી રામલલાના વિસર્જન બાદ પ્રવાસીઓનું આગમન ઝડપથી વધ્યું છે.

રાજયમાં જાન્યુઆરીથી જૂન વચ્ચે સૌથી વધુ ૧૦.૯૯ કરોડ પ્રવાસીઓ અયોધ્યા પહોંચ્યા છે. જેમાં ૨,૮૫૧ વિદેશી પ્રવાસીઓ પણ સામેલ છે. વારાણસીમાં ૪.૬૧ કરોડ પ્રવાસીઓ આવ્યા છે. જેમાં ૧.૩૩ લાખ વિદેશી પ્રવાસીઓનો પણ સમાવેશ થાય છે. પ્રયાગરાજમાં ૪.૫૩ કરોડ પ્રવાસીઓનો ધસારો થયો છે. જેમાં ૩,૬૬૮ વિદેશી પ્રવાસીઓ પણ સામેલ છે. એ જ રીતે ૪૯,૬૧૯ વિદેશી પ્રવાસીઓ સહિત ૩.૦૭ કરોડ પ્રવાસીઓએ મથુરાની મુલાકાત લીધી છે.તાજમહેલ જોવા માટે ૭૬.૮૮ લાખ પ્રવાસીઓ આગ્રાની મુલાકાતે આવ્યા છે. એ જ રીતે લખનઉની મુલાકાતે આવનારા પ્રવાસીઓની સંખ્યા ૩૫.૧૪ લાખ હતી. જેમાં ૭,૧૦૮ વિદેશી પ્રવાસીઓનો પણ સમાવેશ થાય છે.ગયા વર્ષે ૪૮ કરોડ પ્રવાસીઓએ ઉત્તર પ્રદેશના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી હતી. આ વર્ષે પ્રવાસીઓની સંખ્યા ૬૦ કરોડને પાર થવાની આશા છે. વિભાગે પ્રવાસીઓની ચોક્કસ સંખ્યા વિશે માહિતી એકત્ર કરવા માટે સર્વે કરવાની વ્યવસ્થા પણ કરી છે.

## ઉત્તર પ્રદેશમાં મોટી દુર્ઘટના, ૩ માળનું મકાન ધરાશાયી, કાટમાળમાં દટાઈ જતાં ૯ લોકોનાં મોત



ઉત્તર પ્રદેશના મેરઠમાં મોડી રાતે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. જ્યાં ત્રણ માળનું એક મકાન ધરાશાયી થઈ ગયું હતું. આ ઘટનામાં ઘણાં લોકો દટાયા હોવાની આશંકા હતી. ઈમારત ધરાશાયી થવાના કારણે ઘટનાસ્થળે નાસભાગ મચી ગઈ હતી. જો કે, લેટેસ્ટ અપડેટ્સ અનુસાર આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં કાટમાળમાંથી ૯ મૃતદેહો કાઢી શકાયા છે. જેમાં એક બાળકી પણ સામેલ છે. લગભગ ૧૧ લોકોને કાટમાળથી બહાર કાઢી લેવામાં આવ્યા છે. હાલ પોલીસની ટીમ અને અન્ય રાહત ટુકડીઓ ઘટનાસ્થળે હાજર છે. તમામ લોકો બિલ્ડિંગનો કાટમાળ હટાવવામાં વ્યસ્ત છે. સાવચેતીના ભાગરૂપે આસપાસની ઈમારતોને ખાલી કરાવવામાં આવી રહી છે.

મેરઠમાં આ ઘર ધરાશાયી થવાની દુર્ઘટના અંગે ડીએમ દીપક મીણાનું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે કાટમાળના ઢગલામાંથી એક મહિલા અને એક બાળક સહિત કુલ ૧૧ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. ઈમારતમાં ૨૦ની આસપાસ લોકો ફસાયા હતા. અત્યાર સુધીમાં ૯ લોકોના મોત થયા છે. જ્યારે અન્ય ૧૧ લોકોને બહાર કાઢી લઈને હોસ્પિટલ ખસેડાયા છે. કાટમાળ નીચે દબાઈ જવાને કારણે અનેક પશુઓના મોત પણ થયા છે.

માહિતી અનુસાર વધારે પડતાં સતત વરસાદને કારણે લોહિયા નગર પોલીસ સ્ટેશનની હદમાં આવતી જાકીર કોલોનીમાં આ દુર્ઘટના સર્જાઈ હતી. જ્યાં જર્જરિત હાલતમાં આ મકાન ધરાશાયી થઈ ગયું. કાટમાળમાં લોકોને શોધવા માટે હજુ પ્રયાસો ચાલી રહ્યા છે. માહિતી મળતાં જ પોલીસ અને બચાવ ટુકડી ઘટનાસ્થળે પહોંચી હતી.

## ખેડૂતોને લઇ જતી બોટ પલટી, ૬૪ નાં મોતની આશંકાથી ખળભળાટ, નાઈજિરિયામાં મોટી દુર્ઘટના

નાઈજિરિયાના જમફારામાં શનિવારે એક નદીમાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. અહી ખેડૂતોથી ભરેલી બોટ પલટી ખાઈ જતાં લગભગ ૬૪ લોકો મૃત્યુ પામી ગયાની આશંકા સેવાઈ રહી છે. ખેડૂતોથી ભરેલી આ બોટ ખેતરો તરફ જઈ રહી હતી અને અચાનક જ આ દુર્ઘટના સર્જાઈ હોવાની માહિતી મળી રહી છે. સ્થાનિક અધિકારીઓએ કહ્યું હતું કે શનિવારે સવારે ગુમ્મી શહેર પાસે ૭૦ ખેડૂતોને તેમના ખેતરમાં છોડવા જઈ રહેલી લાકડાની બોટ અચાનક પલટી ગઈ હતી. ઘટનાની માહિતી



મળતાની સાથે જ સ્થાનિક અધિકારીઓએ તાત્કાલિક બચાવ કામગીરી માટે રહેવાસીઓને બોલાવ્યા હતા અને ત્રણ કલાક પછી ૬ લોકોને જ બચાવી શકાયા હતા. બાકીના ડૂબી ગયા હતા. ગુમ્મી વિસ્તારમાં બોટ ડૂબવાની આ બીજી ઘટના હતી.

એક સ્થાનિક અધિકારી અમીન નૂહુ ફલાહેએ કહ્યું કે રાહત અને બચાવ કામગીરી હજુ પણ ચાલી રહી છે. ડૂબી ગયેલા લોકોને શોધવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે કે ૯૦૦થી વધુ ખેડૂતોએ તેમના ખેતર સુધી પહોંચવા માટે દરરોજ નદી પાર કરવી પડી છે પણ એના માટે બે જ બોટની વ્યવસ્થા છે જેમાં અનેકવાર જરૂર કરતાં વધારે ભીડ વધી જાય છે. જમફારા રાજ્ય જે પહેલાથી જ ખનીજ સંસાધનો પર નિયંત્રણ ઈચ્છતા બદમાશોની ગેંગથી ત્રસ્ત છે તે આ વખતે ભારે વરસાદને કારણે આવેલા પૂરથી પણ પ્રભાવિત થયું હતું.

## વસાહતીઓનો વિવાદ કરતાં ટ્રમ્પ હેરિસ પ્રચાર યુદ્ધમાં તણખા ઊડી રહ્યા છે

રેન્ચો પેલોસ વર્ડીઝ (યુ.એસ.) : અમેરિકાના પ્રમુખ પદ માટેના ઉમેદવારો ડોનાલ્ડ ટ્રમ્પ અને કમલા હેરિસ વચ્ચે વસાહતીઓના પ્રશ્ને તણખા ઊડી રહ્યા હતા. હૈતીના વસાહતીઓના મુદ્દાએ રીપબ્લિકન ઉમેદવારે (ટ્રમ્પે) ખુલ્લેઆમ કહી દીધું હતું કે તેઓ જો પ્રમુખપદે આવશે તો, હૈતીના વસાહતીઓને સાગમટા દેશ બહાર કરશે.

મંગળવારે યોજાયેલી વાક્ સ્પર્ધામાં હેરીસે ટ્રમ્પને પરાજિત કર્યા હતા તેમ સ્પષ્ટ લાગતું હતું તેમ છતાં ટ્રમ્પનું કહેવું હતું કે તેઓ જ સાચા અર્થમાં વિજયી થયા હતા. બીજી તરફ કેટલાક રીપબ્લિકન્સ પણ તે સ્વીકારતા હતા કે ટ્રમ્પનો દેખાવ ઘણો નિર્બળ રહ્યો હતો.લોસ એન્જલસ પાસેના પોતાના લકઝરી ગોલ્ફ કોર્સ ઉપર નાની એવી સભાને કરેલાં સંબોધનમાં ટ્રમ્પ હેરિસ ઉપર લગભગ તૂટી પડયા હતા અને તેઓને 'કોમ્યુનિસ્ટ' કરી આગળ જણાવ્યું હતું કે તેઓ તો ગેરકાયદે ઘૂસી આવેલા વિદેશીઓને દેશ ઘમરોળવાની છૂટ આપવા માગે છે.આ પૂર્વે ઓ હાયોનાં સ્પ્રિંગ ફીલ્ડમાં આવેલાં હૈતીયન ઈમીગ્રન્ટસ માટે કહ્યું હતું કે તેઓ તો અમેરિકાની જીવન પદ્ધતિનો જ નાશ કરી રહ્યા છે.

## ૪ બ્રિજનું કામ ૧૭૨ કરોડનું, કોન્ટ્રાક્ટ આપ્યો ૨૫૧ કરોડમાં, જૂની રૂપાણી સરકારનું કૌભાંડ બહાર આવ્યું



જાન્યુઆરી ૨૦૨૧માં જ્યારે રાજ્ય સરકારમાં મુખ્યમંત્રી પદે વિજય રૂપાણી હતા. ત્યારે સરકારની બ્રિજ ગ્રાન્ટમાંથી રાજકોટમાં તત્કાલીન મ્યુનિ.કમિશનર ઉદીત અગ્રવાલે વહીવટદાર તરીકે તાબડતોબ વહીવટ કરીને રણજીત બિલ્ડકોન પ્રા.લિ.ને ૪ બ્રિજનું કામનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. કાલાવડ રોડ વિસ્તારમાં ચાર ઓવર બ્રિજના ૧૭૨.૬૫ કરોડ રૂપિયાના એસ્ટીમેટ સાથેના કામ શંકાજનક ઉતાવળ કરીને ૭૯ કરોડ રૂપિયાના તોતિંગ ઓન (વધારાના) નાણાં મંજુર રાખીને કૂલ ૨૫૧ કરોડ રૂપિયામાં લ્હાણી કરી હતી.ગંભીર બાબત એ છે કે રણજીત બિલ્ડકોનને મહાપાલિકાએ અગાઉ (૧) તા.૮-૩-૨૦૧૯ના રૈયાધારમાં ૨૯.૭૩ કરોડ રૂપિયાના ખર્ચે ઈજીઇ પ્જીઇ વોટર વર્ક્સનું કામ અને (૨) ૨૯-૨-૨૦૨૦ના જેટકો ચોકડીએ આવા જ ઈજીઇનું કામ ૪૫.૫૦ કરોડ રૂપિયાના ખર્ચે સોંપાયું હતું. આ બન્ને કામો તા.૨૧-૧૨-૨૦૨૧ સુધીમાં પૂરા કરવાની શરત હતી. પરંતુ રણજીત બિલ્ડકોને આ કામ અનુક્રમે તા. ૨૭-૭-૨૦૨૩ અને તા.૭-૩-૨૦૨૪ના એટલે કે આશરે ૨ વર્ષથી વધુ સમય લઈને પૂર્ણ કર્યું હતું.

એ સમયે રાજકોટ મહાપાલિકામાં ચૂંટાયેલી પાંખની મુદત પૂરી થઈ ગઈ હતી અને વહીવટદારનું શાસન નિમાયું હતું. વહીવટદારના શાસનમાં માત્ર તાકીદના ઈમરજન્સી રૂટીન કામો કરવાના હોય છે

## ફરિદાબાદમાં વરસાદી પાણી ભરેલા અન્ડરબ્રિજમાં એક્સયુવી ડૂબી, બેનાં મોત

ફરિદાબાદ : હરિયાણામાં શુક્રવારે આખો દિવસ થયેલા વરસાદમાં ફરિદાબાદમાં એક દુર્ઘટના ઘટી હતી. નગર નિગમના અધિકારીઓની બેદરકારીના કારણે બે પરિવાર નોંધારા થઈ ગયા. જૂના ફરિદાબાદમાં પાણી ભરેલા અન્ડરપાસમાંથી પસાર થતાં એક્સયુવી૭૦૦ ડૂબી ગઈ હતી, તેમાં બેઠેલા બેન્ક મેનેજર અને કેશિયરનું મોત થઈ ગયું. બંને એચડીએફસી બેન્કમાં કામ કરતા હતા.હરિયાણામાં શુક્રવારે અનેક સ્થળો પર હળવાથી ભારે વરસાદ ખાબક્યો હતો. જેથી જૂના ફરિદાબાદ રેલવે અન્ડરપાસમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જોકે, અહી નગર નિગમના અધિકારીઓ



દ્વારા કોઈ બેરીકેડ મૂકાયા નહોતા. પરિણામે રાતના સમયે એચડીએફસી બેન્કના મેનેજર પુણ્યશ્રેય શર્મા અને કેશિયર વિરાજ દ્વિવેદીની એક્સયુવી૭૦૦ કાર પાણીમાં ફસાઈ ગઈ હતી. અહીં બંનેનું ડૂબી જતાં મોત નીપજ્યું હતું.એચડીએફસી બેન્કના મેનેજરનું શબ પોલીસે થોડાક જ સમયમાં બહાર કાઢી લીધું હતું. પરંતુ કેશિયરનો મૃતદેહ શોધવા માટે પોલીસે એસડીઆરએફની ટીમ બોલાવવી પડી હતી. ડૂબકી લગાવનારા સ્ટીમર લઈને પાણીમાં ઉતર્યા અને ચાર કલાકની જહેમત પછી લોખંડની જાળીની મદદથી કેશિયર વિરાજ દ્વિવેદીનો મૃતદેહ બહાર કઢાયો હતો.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No : 0110**

વિષય : શૈશવના સંસ્મરણો
શીર્ષક : 'શૈશવ, જીવનની વિશેષ અવસ્થા'
ગદ્ય/પદ્ય : ગદ્ય-લેખ, શબ્દઃ ૩૪૯

જીવનમાં શૈશવની અવસ્થા કોઈપણ વ્યક્તિ માટે વિશેષ અને અવિસ્મરણીય હોય છે. બાળપણનો ચિંતા વગરનો, તોફાનમસ્તીથી ભરપૂર અને મોજમસ્તીવાળો સમય કદી ભુલાતો નથી. આખો દિવસ ખાવું, પીવું, રમવું અને સરસ કપડાં પહેરીને પપ્પા-મમ્મી સાથે બહાર ફરવા જવું આ સિવાય બીજું એક માત્ર ગંભીરતા સાથે કરવાનું કામ એ શાળાએ જવાનું અને રોજ શાળાએથી આપેલ ઘરકામ કરવાનું રહેતું. ક્યારેક વર્ગશિક્ષકની ટીખળ કરવાને કારણે, ચાલુ વર્ગમાં વાતચીત કરવા માટે તથા ક્યારેક ઘરકામ ન કર્યા ને કારણે જગ્યા પર ઉભા રહીને શિક્ષા ભોગવવી પડતી તો ક્યારેક વર્ગની બહાર જઈ અંગુઠા પકડીને ઉભા રહેવું પડતું. આ બધી ક્ષોભજનક પરિસ્થિતિમાંથી વર્ગ પૂરો થતાં પાછા બહાર આવી જતા.

જો કે શાળાએ જવામાં બીજા ઘણા પ્રલોભનો પણ હતાં, જેમકે શાળામાં મિત્રો સાથે ધીંગામસ્તી કરવી, બધાના ડબ્બાઓમાંથી મનપસંદ નાસ્તો ઝાપટવો અને ક્યારેક ઘરેથી મળેલ દસ-વીસ પૈસાથી શાળાની બહાર ઊભા રહેતા લચ્છુભાઈની લારીમાંથી કાતરા અને આંબોળિયા જેવી ચટાકેદાર ચીજવસ્તુ લઈ ખાવાનો આનંદ લુંટાતો. મોટા થતાં શાળાએ જવાનો સૌથી મોટો આનંદ શાળાએ જવા મળેલી જૂની સાયકલ હતી. તે સમયે તેનો આનંદ બીજા મિત્રો ઉપર રોફ જમાવી આજની મોંઘામાં મોંઘી કાર ચલાવવાથી પણ વિશેષ રહેતો.

શાળાએથી ઘરે જતાં જ ઘરે મમ્મીના ડરથી દફતર જેમ તેમ મૂકી રમવા માટે મિત્રો પાસે દોડીને પહોંચી જતા. ઘરની બહાર રમવાની બિનખર્ચાળ રમતો ક્રિકેટ, ગિલ્લી દંડા, પૈડું, વરસાદના સમયમાં કોચમણું, થપ્પો, આઈસપાઈસ, સતોલિયુ, પકડદાવ, નદી કે પર્વત વગેરે જેવી અસંખ્ય રમતો રમવાનો આનંદ જ કંઈક ઓર હતો. વાતવાતમાં લડવું, ઝઘડવું, રિસાઈ જવું અને ફરીથી પાછા મિત્રો બનવું એ સાવ સામાન્ય બાબતો હતી. ક્યારેક તો ક્રિકેટ રમતાં કોઈના ઘરનો કાચ ફૂટી જતાં ભાગમભાગ મચી જતી અને ઘરે જઈ કોઈ ખૂણામાં ડાહયા ડમરા થઈ બેસી જતા ત્યારે ફરિયાદ કરવા આવેલ સામે અમારે માટે બચાવ કાર્ય અમારી માતાએ હાથ ધરવું પડતું અને રાત્રે પિતાની પાંચ શિખામણો નીચું મોઢું કરીને સાંભળવી પડતી. પરંતુ આ બધાની અસર ક્ષણિક રહેતી. બીજે દિવસથી અમારી ટોળકી ફરી તોફાન કરવા સજ્જ રહેતી.

શૈશવનો બીજો મોટો આનંદ દીવાળી અને ઉનાળુ વેકેશન. ચિંતામુક્ત રીતે રમવાનો અને આનંદ કરવાનો લાંબો સમય. ભણવાના ચોપડા અભરાઈએ ચડી જતા અને હવે તો માત્ર રમવાનું એવો મનથી નિશ્ચય થઈ જતો.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No 351**

વિષયઃ"શૈશવના સ્મરણો"
શીર્ષકઃ શૈશવની સંગાથે
પ્રકારઃ પદ્ય. શબ્દઃ ૬૦

શૈશવના સ્મરણો
શૈશવના સ્મરણો જાણે ઝાકળ કેરા નયનોં
આંગણે બીલી, જાંબુ, પીપળો રળિયામણો
શંકરની દેરી એ પુષ્પ કેરો જળનો લોટો
શમી સાંજે મંદિરે ઝાલર નો રણકો
યૌવન કેરી ઢાળમાં બગીચો ખીલતો
દિવ્ય સૌરભ ને મહેકાવતો ઝૂલતો હિંડોળો
પ્રયણ કેરી ઉછળતી કુદરતી મૃગજળો
વનમાં પ્રવેશી તરસતી વિસ્મય સ્મરણો
શૈશવ ની સંગાથે વરસતી પલળતી પાપણ
નો ઝરૂખો
ઘેઘુર મોજાંમા વ્હાલ ભર્યો શૈશવ નો દરિયો

જયશ્રી વાઘેલા (મુંબઈ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SSO No : 229**

પ્રકાર : ગદ્ય શબ્દોઃ૧૫૦
વિષયઃ શૈશવનાં સંસ્મરણો શિર્ષક : સોનેરી શૈશવ
કવિઃ "પ્રપાશી" પરેશ મ. પાઠક.

સોનેરી શૈશવ
,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,

શૈશવ પ્રભુની નિરાળી ભેટ, હેતાળ ચહેરોને ભોળી ૨ આંખો,મોહક હાસ્યને નિર્મળ વાણી, હરી સંગે દોસ્તી કરવાની પાંખો !

કાલી ઘેલી ને તોતડી ભાષા, મા નો ખોળો એ સ્વર્ગનું સુખ!હેત વરસાવે સૌ એ મુજ પર, કહો પછી શેનું હોય કોઈ દુઃખ?

ભાવે તે ખાવું ને ઘરઆંગણિયે ઘૂમવું, ધાર્યું ના થાતાંતો ખોટું જ રડવું ! નાની શી વાતમાં જીદ પકડીને, કીટ્ટા-બુચ્ચાના તોફાને ચઢવું !

ઘેર રહી ઘર ઘરતા રમવાનીલ્હેર,તે પછી ભૂલકાંઓ શાળાએ જાય, નીતનવી વાનગીઓ ભોજને માણતાં,રીસેસમાં જુદો જ નાસ્તો તે સ્કુલમાં ખાય !

નટખટ બચપન તનાડે ઉભરેને,ભરપૂર મસ્તીનું મનડે ગુમાન રમતે રણકવાનુંને સપને સરકવાનું, ગમતાં ગીતોએ તો નાચવાનું તાન !

હેતે મા બાપ લાડ લડાવે ચીજવસ્તુઓ મનગમતી પૂરીરે પાડતાં,સૌ પડોશીઓ સૈર કરાવે, પિકનિક-પાર્ટીએ મિત્રો બોલાવતાં !

શુભ પ્રસંગે તો મોજ મજા ને, સૌ સગાંઓ લહેર કરાવે, નવાં જ કપડાંને ભાવતાં ભોજન, ફોટા પડાવી સઘળે બતાવે !

રમવાના આનંદે મજાક મસ્તીને ! જીવવાની પળોનો સમય એ ઉત્તમ,કહે "પ્રપાશી"ઉંમર વધતા ના મળે ફરી કદી એ ક્ષણો સર્વોત્તમ !!!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 223**

વિષય :- શૈશવના સંસ્મરણો
શીર્ષક :- 'મા નો મંત્ર'
પ્રકાર :- ગદ્ય
શબ્દ સંખ્યા :- ૩૨૭

આજે જીવન સંધ્યાએ શૈશવના સંસ્મરણોમાં હસતો, પ્રેમાળ, આનંદિત ચહેરો સામે આવી જાય એ મારી મા-જયાબાનો. વર્ષો પહેલા કુળદીપક-વંશવેલો વધારનાર પુત્ર તો જોઈએ જ એમ મનાતું. મારાથી પાંચેક વર્ષ મોટી મંજુલાબહેન હતી. પુત્ર નહોતો તેનું દુઃખ અભાવ મારી માતા, પરિવારજનોને હતું. બાએ ન જાણે કેટલી બાધા, આખડી, વ્રતો રાખેલા. એ અંબામાતાની પરમ ભક્ત, આજીવન નવરાત્રિના ઉપવાસની માતાની તપશ્ચર્યા. માતાની કૂખે હું અવતર્યો. પ્રેમમૂર્તિ, સાત્વિક, પરોપકારી માતાને કોટિ કોટિ વંદન.

હું લાડકો દીકરો, બા-બહેનના વધુ વ્હાલ-કાળજીથી તોફાની જિદ્દી, પિતાજી પોલીસ જમાદાર-શિસ્તનો પૂરેપૂરો પ્રભાવ.

બાનું શરીર અંદરથી ક્ષીણ થતું, તેની તેમને અંતઃ પ્રેરણા થવાથી મોટી બહેનના લગ્ન અને મારી જનોઈનો પ્રસંગ સગાંસંબંધીની ઊપસ્થિતિમાં ધામધૂમથી ઉજવ્યો.

બા હંમેશા મને વ્હાલથી ભણાવે, ઉત્સાહ પ્રેરણા આપે. હું છઠ્ઠામાં, નાની બહેન બીજામાં હતા ને બાને અઠવાડિયાથી તાવ હતો. પિતાજી ગુનાની તપાસમાં દૂર ગામડે ગયેલા. એક સાંજે ઝાલર ટાણે બાએ મને અને નાની બહેનને પથારી પાસે બેસાડ્યા. કહે, 'પતરાની બેગમાંથી નવું ફ્રોક કાઢી પુષ્પાને પહેરાવ, મેં તેમ કર્યું.' પછી કહે ગોળનું પાણી અને ગંગાજળ આપ. મને રામજી મંદિરની ઝાલર જ સંભળાય છે ને? ભ્રમ નથી ને? મેં કહ્યું, 'ના બા, ઝાલર જ વાગી રહી છે.' પછી પુષ્પાનો હાથ મારા હાથમાં આપી કહે, 'આને સંભાળજે, તારા બાપુજી કઠોર શિસ્ત, ગુસ્સાવાળા છે પણ અંદરથી પ્રેમાળ છે તેની આજ્ઞામાં રહેજે. તારા બા-બાપુજી એ જ છે.' મને બહુ સમજાતું નહોતું. માથે હાથ મૂકી કહે, 'બેટા ખૂબ ભણજે, આપણે અયાચક બ્રાહ્મણ, ભગવાન તારું ભલું કરે. આશીર્વાદ આપી એ અનંતની યાત્રાએ.

મેં બાનો મંત્ર યાદ રાખી સંઘર્ષો વચ્ચે બી.એ., એમ.એ. અભ્યાસ કર્યો. ડેક્કન કોલેજ, પૂનામાં અધ્યાપક, એસ.એસ.ડી.ટી યુનિ.માં વિઝિટીંગ પ્રોફેસર, સૌરાષ્ટ્ર યુનિ.માં ડીન. ડૉ.રાધાકૃષ્ણ બેસ્ટ કોલેજ પ્રિન્સિપાલ એવોર્ડ મળતા બાને અર્પણ કર્યો. મારા શૈશવ સંસ્મરણો એટલે બાનો પ્રેમાળ ચહેરો. તેરી સૂરત સે ઈશ્વર કી સૂરત ક્યા અલગ હોગી...! મા તે મા. અર્પી દઉં સો-સો જન્મો મા, એવું છે તુજ લેણું ઋણ. મા સદા મને તારો ખોળો-પ્રેમ મળે. 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ.'

નામ : દેવેન્દ્ર આચાર્ય

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No 372**

વિષયઃ- શૈશવના સંસ્મરણો
શીર્ષકઃ- બેફિકરું બાળપણ.
શબ્દોઃ- ૨૬૩

શૈશવ એ જીવનની વીતેલી સોનેરી પ્રભાત છે. વડીલોના વ્હાલની અને લાડ પ્યારની સ્મૃતિપટ પર કન્ડારાયેલી સુવર્ણ મુદ્રા છે.

ગામડા ગામમાં જાણે આપણે બધાયના ઘરના સભ્ય હતા. ત્રણ ઘર છોડી કોઈ ચંપામાસીના ઘરમાં આભ્ડુક કોળિયો ભરી શકાતો. બાજુની શેરીના માણેકકાકાની ખેત ઉપજમાંથી સહજ મૂઠો ભરી શકાતો. શેરૂકાકાના કન્ફેકશનરીના ગોડાઉનમાંથી ચાર ચોકલેટ અધિકારથી લઈ શકાતી.

રો-કકળ કરી સ્કૂલમાં જતા હઠવું અને અપાર હેત વરસાવનાર પોતિકાઓમાંથી આ બાબતે કોઈનીય મદદ ન મળવી એ કેટલું વિસ્મયકારક રહેતું!

સ્કૂલમાંથી બંક મારી મિત્રના નજીકના ખેતરમાંથી તરોતાજા મૂળા ખાવાની એ મજા બાળપણમાં જ હોય! ઘરે કહ્યા વિના ૧૪ કિલોમીટર દૂર સાયકલ ઉપર મિત્રો સાથે જઈ, ઈડર ગઢ ચઢી, ફિલ્મનું શૂટિંગ જોવાની, ત્યાં લાઠી ચાર્જમાં પોલીસનો ડંડો ખાઈ મમ્મીની ડાંટથી બચવા ભર ઉનાળે પગ ઉપર રજાઈ ઓઢી પડી રહેવાની પણ એક આગવી મોજ હતી!

મિત્રો સાથે થપ્પો, સાતલિયું, ગિલ્લી-દંડા અને ક્રિકેટના ખેલ ખેલવાની ટીવી અને મોબાઈલની ગેર હાજરીમાં ખૂબ જ મજા આવતી. ચામુંડા માતાજીનું એ ખુલ્લું મેદાન, શારણેશ્વર મહાદેવ મંદિરનો ઘંટારવ, સુંદેરા તળાવની હંમેશા ભીની રહેતી માટીની મહેંક અને વડાલી ગામની ઢાળ ઢોળાવ વાળી ગલીઓમાં મિત્રો સાથે સાયકલની રેસ લગાવવાની કેવી મજા આવતી! સવારની કિટ્ટાથી થયેલ રિસામણા સાંજની બુચ્ચાથી સમાધાનમાં ફેરવાય એ માત્ર શૈશવકાળમાં જ સંભવ છે.

પહેલીવાર મોનિટર બની ક્લાસમાં પેંડા વહેંચવાનો અનેરો ઉમંગ રહેતો. રસીના ઈન્જેક્શન મૂકવા આવનાર ટીમનો ડર એ હદે હાવી રહેતો કે સાગમટે બધા મિત્રો સ્કૂલની કમ્પાઉન્ડ વૉલ કૂદી ભાગી જતા. બચપણની એક આગવી દુનિયા હતી, બેફિકરી જિંદગી હતી, કારણ વગરની રખડપાટ હતી અને જલ્દી મોટા થવાની ઉતાવળ હતી.

મોટા થયા પછી હાથમાંથી સરકી ગયેલા એ બાળપણની સોનેરી યાદો સિવાય કાંઈ જ આપણા હાથમાં રહેતું નથી. લાખ ચાહવા છતાં એ ભોળપણનો જમાનો પાછો ફરી શકતો નથી.

સંજય બી. મહેતા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.ss No. 213**

વિષય :- 'શૈશવના સંસ્મરણો '
પ્રકાર :- પદ્ય (ભુજંગી છંદ આધારિત)
શીર્ષક :- 'શૈશવના શમણાં –(શબ્દો :- ૧૨૫)

મને માતની ગોદ તો દિવ્ય ભાસે, એજ પાવની ગોદની ગર્વ ગાથા,
'મને લાલો' કે બોલાવતી મુજ માતા, કરું યાદ શૈશવની પ્રેમ ગાથા,

મુજ ગામના ગોંદરે વડ દાદા, એ શીતળ છાંયમાં ખૂબ રમતા,
લઈ પેન ને પાટીમાં શબ્દ ઘૂંટતા, પછી મીઠડાં ગીતડા સાથ ગાતા.

નદી નીરના નમણા નૃત્ય નાના, વહે ગામના પાદરે નીર એવા,
જ્યાં ઝાડના ઝૂંડની જાજી ડાળી, ત્યાં બાંધેલો હિંચકો યાદ આવે.

હજુ શૈશવના શમણાં સાથ રે'તા, એ સાતમનો મેળો યાદ આવે,
એ શ્યામના મંદિરે કૃષ્ણ ઝૂલતા, એ પારણા ઝૂલાવતા મોજ આવે.

એ મેળામાં મલપતા 'બાપુ' સાથે, એક પૈસામાં ઢીંગલી, ગાડી આવે,
લીધા સાતમના ઢેબરા દહીં સાથે, મને મિઠેરી સુખડી બહુ ભાવે.

મને વસવું દેશ વિદેશ જઈને, તો શૈશવના શમણાં સાથ આવે,
રહે દિલમાં ધબકતી તે દિવાળી, તે શૈશવના દિન તો યાદ આવે.

(કવિ શ્રી યોગેશભાઈ પંડયા 'સ્વજન' જુનાગઢ)


શહેર ભાજપ પ્રમુખ દબાણો તોડાવશે કે પછી ટાય ટાય ફીસ સાબિત થશે?

GDCRના નિયમોનું પાલન કરાવાશે તો બિલ્ડરો અને માલેતુજારોના દબાણો તૂટશે

હોટલ, બિલ્ડિંગો, બંગલા, હૉસ્પિટલ વિશ્વામિત્રી નદીને અડીને બની ગયા છે

અનેક જગ્યાએ કાંસો પૂરીને ઈમારતો બનાવી, કાંસો પૂરતા અનેક જગ્યાએ પાણી ભરાયા

આ તમામ બાંધકામો જી.ડી.સી.આર.ના નિયમો મુજબ થયા છે? તપાસ થશે?

જી.ડી.સી.આર.ના નિયમ મુજબ ૩૦ મીટર અને ૯ મીટર જગ્યા છોડીને બાંધકામ થયું છે કે કેમ ? તેની તટસ્થ તપાસ થાય તો પણ અનેક દબાણો તૂટે

## 'સ્વચ્છતા હી સેવા' અને 'સેવા સેતુ' એમ બંને મહત્વપૂર્ણ અભિયાનોમાં બોટાદવાસીઓને સહભાગી બનવા અનુરોધ કરતા બોટાદ જિલ્લા કલેક્ટરશ્રી

સ્વચ્છતા માટે નાગરિકોમાં આદત કેળવાય અને કચરા નિકાલ માટે યોગ્ય વ્યવસ્થાપન થાય તે માટે ખાસ સ્વચ્છતા હી સેવા ઝુંબેશ વેગવંતી છે. સાથોસાથ બોટાદ જિલ્લામાં આગામી ૧૭ મી સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ સુધી શહેરી અને ગ્રામિણ વિસ્તારોમાં ૧૦મા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓના લાભ ઝડપથી તકલીફ વિના પ્રાપ્ત થાય અને તેમના પ્રશ્નોનું સ્થાનિક સ્તરે તાકીદે નિવારણ થાય તેવા આશયથી ગુજરાત સરકારે સેવાસેતુ કાર્યક્રમ શરૂ કર્યો છે. જેને અનુલક્ષીને બોટાદ જિલ્લા કલેકટરશ્રી ડો. જીન્સી રોયે તમામ બોટાદવાસીઓને આ બંને મહત્વપૂર્ણ અભિયાનોમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો.

કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, "બોટાદ જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં તા.૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર સુધી સેવા સેતુ અને સ્વચ્છતા હી સેવા કાર્યક્રમનું આયોજન થવા જઈ રહ્યું છે. ૧૭મી સપ્ટેમ્બરના રોજ બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના ઉમરાળા ગામથી સ્વચ્છતા હી સેવા કાર્યક્રમનો શુભારંભ થશે.આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પદાધિકારીશ્રીઓ અને



અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેશે. તમામ બોટાદ વાસીઓને અનુરોધ કરું છું કે આપ સૌ પણ આ કાર્યક્રમમાં સહભાગી બનો. આ વર્ષે 'સ્વભાવ સ્વચ્છતા અને સંસ્કાર સ્વચ્છતા'ની થીમ સાથે સ્વચ્છતા અભિયાનની ઉજવણી થવા જઈ રહી છે, જેમાં 'એક પેડમાં કે નામ અભિયાન'ને આવરીને મોટી સંખ્યામાં રોપાઓનું વાવેતર કરવામાં આવશે."

સેવા સેતુ કાર્યક્રમ અંગે કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, "સરકારશ્રીની તમામ યોજનાઓનો લાભ અને સહાય અંગેની નાગરિકોની વ્યકિતગત રજૂઆતો સાથે અરજીઓનો સ્થળ પર જ નિકાલ માટે બોટાદ જિલ્લામાં આગામી ૧૭ મી સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ સુધી શહેરી અને ગ્રામિણ વિસ્તારોમાં ૧૦માં તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાનાર છે. જેનો પ્રારંભ ૧૭ સપ્ટેમ્બરના રોજ રાણપુરના ઉમરાળા ગામ ખાતેથી થશે. સેવા સેતુ કાર્યક્રમ સવારના ૯ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી યોજાશે, જેમાં ૨ વાગ્યા સુધી અરજીઓ સ્વીકારવામાં આવશે, જેમાં હું તમામ બોટાદવાસીઓને ભાગ લેવા માટે નમ્ર અપીલ કરું છું."

## અમદાવાદ સ્થિત CBSE દિવ્યપથ શાળાનો વિદ્યાર્થી રાજ્ય કક્ષાની કરાટે ટુર્નામેન્ટ મા Gold Medal બાદ નેશનલ રમવા જશે

દિવ્યપથ સ્કૂલ નો ધોરણ ૧૦(સ) નો વિદ્યાર્થી મન એસ તેજવાણીએ તારીખ ૭/૯/૨૪ એ આનંદ યુગપુરુષ રમતગમત સંકુલમાં આયોજિત પ્રતિષ્ઠિત રાજ્ય-કક્ષાની ટુર્નામેન્ટ કરાટેમાં બે ગોલ્ડ મેડલ મેળવીને સફળતાની સિધ્ધી મેળવી છે. અને તા ૮ /૯/૨૪ મન તેજવાણી એ કુમિતે અને કાતા એમ બંને શ્રેણીમાં ગોલ્ડ જીતીને ઉત્કૃષ્ટ કૌશલ્ય અને નિશ્ચય દર્શાવ્યો હતો. ૭૫ કિગ્રા વજન કેટેગરીમાં અને અંડર-૧૭ વય શ્રેણીમાં સ્પર્ધા કરતા, મનના અદ્ભુત પ્રદર્શને તેમના સમર્પણ અને સખત મહેનતનું પ્રદર્શન કરીને રાષ્ટ્રીય સ્તરે સ્થાન મેળવ્યું છે.

કરાટે દો ફેડરેશન (દ્રઢ્ઢ્લ) દ્વારા આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું અને રાજ્યભરના કેટલાક સૌથી પ્રતિભાશાળી યુવા ખેલાડીઓએ ભાગ લીધો હતો. મનની સિદ્ધિ તેમની દ્રઢતા, શિસ્ત અને તેમના માર્ગદર્શકો અને પરિવારના સમર્થનનો પુરાવો છે.વધુમાં, એંજલ પરમારે, ધોરણ ૬ (સ) ના વિદ્યાર્થી, અમદાવાદના ખોખરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી જીલ્લૈં ઝોન ટેનિસ ટુર્નામેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો. ઈવેન્ટમાં એન્જલના અદ્ભુત પ્રદર્શનથી રમતમાં તેના સમર્પણ અને સફળતાનું કૌશલ્યનું પ્રદર્શન થયું.

દિવ્યપથ સ્કૂલ મન એસ તેજવાણી અને એન્જલ પરમારને શાળા તરફથી ગૌરવ તેમજ હૃદયપૂર્વક અભિનંદન આપવામાં છે અને આગામી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છા પાઠવે છે.

# સુભાષનગરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનો બે વર્ષમાં જ જર્જરિત



ભાવનગર : શહેરના સુભાષનગર હમીરજીપાર્કની બાજુમાં આવેલી પ્રધાનમંત્રી આવાસ યોજના બે વર્ષમાં જ જર્જરિત થઈ ગઈ છે. આવાસ યોજનામાં આવેલા મોટા ભાગના મકાનોમાં ભેજ, પોપડા ખરવા, સ્વિચ બોર્ડમાં શોર્ટ સર્કિટ તથા પાણીને લગત પ્રશ્નો અને ડ્રેનેજ લીકેજના કારણે અહીંના રહીશોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે અને ચોમાસાની ઋતુમાં રોગચાળો વકરવાની ભીતિ સેવાઈ રહી છે. માત્ર બે જ વર્ષમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનની સ્થિતિ આવી થઈ જતા તેની ગુણવત્તા સામે સવાલો ઉઠી રહ્યાં છે. મધ્યમ અને ગરીબ વર્ગના લોકોએ લોકોએ મહામહેનતે અને મોટી આશા સાથે ઘર બનાવ્યું હોય છે પરંતુ બે વર્ષમાં જ આવી સ્થિતિ થઈ જતાં આવાસ યોજનાના પ્રમુખ તથા રહીશો દ્વારા કમિશ્નરને રજૂઆત કરી પોતાની સાત માંગણીઓ મુકી છે.

શહેરના સુભાષનગર વિસ્તારના હમીરજીપાર્કની બાજુમાં આવેલી ૨૫૪૮ પ્રધાનમંત્રી આવાસ યોજના બે વર્ષ પૂર્વે ગત ઓગસ્ટ-૨૦૨૨માં ફાળવવામાં આવી હતી. નાગરિકોએ મહામહેનતે અને મોટી આશા સાથે પોતાનું ઘર બનાવ્યું હોય છે પરંત માત્ર બે વર્ષના સમયગાળામાં જ આવાસ યોજનાના મકાનોની આવી દશાથી રહીશોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. રહીશોએ ફરિયાદ કરતા જણાવ્યું કે, આવાસ યોજનાના મોટાભાગના મકાનોમાં ભેજ છવાયો છે અને તેના કારણે મકાનની દિવાલોમાંથી પોપડા ખરી રહ્યાં છે. ઉપરાંત ડ્રેનેજ પાઈપમાં તથા શૌચાલય-બાથરૂમમાંથી લીકેજના કારણે ગંદકી ફેલાઈ રહી હોવાથી ચોમાસાની ઋતુમાં રોગચાળો ફેલાવાનો ભય રહેલો છે. અહી લગાવવામાં આવેલા સ્વિચ બોર્ડ તુટેલી હાલતમાં હોવાથી શોર્કસર્કિટના કારણે કોઈ મોટી દુર્ઘટના થવાની પુરી શક્યતા છે ત્યારે ઉકેલ આવવો જરૂરી છે નહીતર જો કોઈ મોટી દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી કોર્પોરેશનની રહેશે તેવો આક્ષેપ પણ રહીશોએ કર્યો છે. મકાનોમાં ભેજના કારણે પોપડા પડી ગયા છે પણ તેના રિપેરિંગની કામગીરી પણ જવાબદાર એજન્સી દ્વારા નહી કરવામાં આવતી હોવાના આક્ષેપો થયાં છે. આ ઉપરાંત આવાસ યોજનાની ફરતે આવેલી દિવાલ જર્જરિત થઈ ગઈ છે તથા બહાર ભરાયેલા વરસાદનું પાણી લીફ્ટ સુધી આવી જાય છે. સુભાષનગરની આ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં લિફ્ટ, પાણીની મોટરને લગતા અનેક પ્રશ્નોને કારણે રહીશોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને રહેઠાણ મળે તેવા હેતુથી આવાસ યોજનાના મકાન સરકાર દ્વારા આપવામાં આવે છે અને મધ્યમ અને ગરીબ વર્ગના લોકોએ પાઈપાઈ ભેગી કરીને પોતાનું સ્વપ્નનું ઘર બનાવે છે પરંતુ આવાસ યોજનામાં જ પ્રાથમિક પ્રશ્નોને લીધે અહીંના રહીશોને ભારે અસુવિધામાં જીવવું પડી રહ્યું છે ત્યારે આ મુદ્દે ૨૫૪૮ પ્રધાનમંત્રી આવાસ યોજનાના પ્રમુખ પારૂલબેન ત્રિવેદી અને આવાસ યોજનાના રહીશો દ્વારા અહીંના પ્રાથમિક પ્રશ્નોના નિરાકરણ માટે મહાનગરપાલિકામાં રજૂઆત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી આવાસ યોજનામાં આશરે ૩૨૦ મકાનો છે અને તેમાં ૨૮૦ પરિવારો રહે છે પરંતુ માત્ર બે વર્ષમાં જ પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનોની સ્થિતિ આવી થઈ જતાં તેની ગુણવત્તા સામે સવાલો ઉઠી રહ્યાં છે. અત્રે નોંધનિય છે કે, અહીંના રહીશો દ્વારા બીજી વખત આ મુદ્દે રજૂઆત કરવામાં આવી છે. અગાઉ આશરે ત્રણ માસ પૂર્વે રજૂઆત કરાઈ હતી પરંતુ નિરાકરણ નહી આવતા આ બીજી વખત રજૂઆત થઈ છે.

# ૬૪૯ કરોડના કામનો સમાવેશ કરાયો, અમદાવાદમાં સાત આઈકોનિક રોડનું વડાપ્રધાન ખાતમૂહુર્ત કરશે



૧૬ સપ્ટેમ્બરને સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અમદાવાદમાં સાત આઈકોનિક રોડ બનાવવા ખાતમૂહુર્ત કરશે.અમદાવાદ મ્યુનિ.ના કુલ ૬૪૯ કરોડના વિકાસકામોનુ ઈ-લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરાશે.જેમાં રેન બસેરા,વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન સહિતના અન્ય પ્રોજેકટનો સમાવેશ કરવામાં આવ્યો છે.સોમવારે નરોડા ખાતે બનાવવામાં આવેલા ૧૨૧૫ આવાસોનું લોકાર્પણ કરાશે.ઠકકરબાપાનગર ખાતે ૨૧.૫૮ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન,નારોલ તથા નિકોલમાં રુપિયા ૧૫ કરોડથી વધુના ખર્ચથી બનાવવામાં આવેલા રેનબસેરાનું લોકાર્પણ કરાશે.૩૦ મેગાવોટ સોલાર સિસ્ટમ ઉપરાંત સાત આઈકોનિક રોડ રુપિયા ૩૫૦ કરોડના ખર્ચથી બનાવવાના પ્રોજેકટનુ ખાતમૂહુર્ત કરવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે અમદાવાદની મુલાકાતે આવી રહયા છે.વડાપ્રધાનના આગમન અગાઉ સાલ હોસ્પિટલથી હેલમેટ સર્કલ સુધી ચાર કિલોમીટરના રોડને રુપિયા બે કરોડના ખર્ચે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રીસરફેસ કરવામાં આવ્યો છે.આ ઉપરાંત ૧૬ સપ્ટેમ્બરે જી.એમ.ડી.સી.ગ્રાઉન્ડ ખાતે યોજાનારા વડાપ્રધાનના કાર્યક્રમ મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા જુદા વિભાગોના અધિકારીઓને તેમને આપવામાં આવેલી સુચના મુજબ સ્ટાફ સાથે હાજર રહેવા સુચના આપવામાં આવી છે.

# રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૭ તાલુકામાં વરસાદ

ગાંધીનગર,

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૭ તાલુકામાં છૂટોછવાયો વરસાદ નોંધાયો છે. રાજ્યના માત્ર બે તાલુકા ધોળકા અને ધનસુરામાં ૧ ઈંચ વરસાદ વરસ્યો છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૭ તાલુકામાં છૂટોછવાયો વરસાદ નોંધાયો છે. રાજ્યના માત્ર બે તાલુકા ધોળકા અને ધનસુરામાં ૧ ઈંચ વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગ દ્વારા ૧૩થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પારબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, દાહોદ, પંચમહાલ, ખેડા, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લામાં છૂટોછવાયો હળવોથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં વરસાદની ગતિ ધીમી પડી છે. જેમાં રાજ્યમાં કોઇ વરસાદી સિસ્ટમ સક્રિય નહીં. તેમાં રાજ્યમાં હળવા વરસાદી ઝાપટાની સંભાવના છે. વરસાદ ન હોવાથી ગરમીમાં વધારો થયો છે. હવામાન વિભાગે સૌરાષ્ટ્ર અને કચ્છમાં હળવા વરસાદની આગાહી આપી છે. ધીરે ધીરે હવે વરસાદીની ગતિ ધીમી પડશે અને ચોમાસું વિદાય લઈ રહ્યું છે.રાજ્યમાં હાલ કોઇ વરસાદી સિસ્ટમ સક્રિય નથી. અમદાવાદ, ગાંધીનગરમાં હળવા વરસાદની આગાહી કરાઈ છે. હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે રાજયમાં ભેજનું પ્રમાણ વધી રહ્યું છે,જેના કારણે શહેરીજનોને ગરમીના બફારાનો માર સહન કરવો પડી રહ્યો છે.

# આર્મી મેજરની ઓળખ આપીને ૧૪ હિન્દુ યુવતી સાથે શારીરિક સંબંધ બાંધનારા શેહબાઝની ધરપકડ

અમદાવાદ,

કાલુપુર રેલવે સ્ટેશન પર અમુક દિવસ પહેલા હર્ષિત ચૌધરી નામના આર્મીના એક યુવકને ઝડપીને તપાસ કરતા તેણે બનાવટી નામ ધારણ કરીને મુસ્લિમ તરીકેની ઓળખ છુપાવીને અનેક સાથે છેતરપિંડી કરી હોવાની કબૂલાત કરી છે. આરોપીની પૂછપરછમાં તપાસ કરતા તેણે જીરક્કદ્બૈ.ર્ઈદ્બ પર હર્ષિત ચૌધરી તરીકે ઓળખ આપીને હિન્દુ યુવતીઓને ફસાવીને સાથે શારીરિક સંબધ બાંધીને નાણાં પણ પડાવ્યા હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. આ અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. કાલુપુર રેલવે સ્ટેશન પરથી પોલીસે બેગ ચોરીની આશંકાને આધારે હર્ષિત ચૌધરી નામના એક યુવકને ઝડપીને તપાસ કરતા તેની પાસે હર્ષિત ચૌધરીના નામનું આર્મીનું ઓળખ કાર્ડ, પાન કાર્ડ અને આધાર કાર્ડ તેમજ મોહમ્મદ ખાન નામના વ્યક્તિના આધાર કાર્ડ મળી આવ્યા હતા. આ અંગે શંકા જતા પોલીસે તેની ધરપકડ કરીને વધુ પૂછપરછ આદરતા ચોંકાવનારો ખુલાસો થયો હતો કે હર્ષિત ચૌધરીનું સાચું નામ મોહમ્મદ શેહબાઝ મુસ્તાલઅલી ખાન (રહે. મૌલાના આઝાદનગર, શાહી મસ્જિદની બાજુમાં, અલીગઢ, યુપી) છે. તેની પાસેથી મળી આવેલા બનાવટી દસ્તાવેજના આધારે પોલીસે તેના રિમાન્ડ મેળવ્યા હતા.

# યુવતીને નોકરીના બહાને ઘરે બોલાવી અમદાવાદમાં દુષ્કર્મની ઘટના સામે આવી

અમદાવાદ,

અમદાવાદ શહેરના સરસપુર વિસ્તારમાં રહેતી ૨૮ વર્ષીય યુવતીને નોકરી અપાવવા માટે થલતેજમાં આવેલા ઘરે બોલાવીને આધેડ વ્યક્તિએ યુવતી સાથે મરજી વિરૂદ્ધ શારિરીક સંબધ બાંધીને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જે અંગે વસ્ત્રાપુર પોલીસ મથકે રજૂઆત કરવામાં આવી છે. પરંતુ, આક્ષેપિત વ્યક્તિને એક રાજકીય વ્યક્તિ સાથે સંબધ હોવાથી પોલીસ પર કેસની પતાવટ માટે દબાણ કરાયાનો આક્ષેપ પણ કરાયો છે. આ સમગ્ર બનાવની વિગતો એવી છે કે સરસપુરમાં રહેતી ૨૮ વર્ષીય યુવતીને પરિવારના ગુજરાન માટે નોકરીની જરૂરિયાત હોવાથી તે નોકરીની શોધમાં હતા. આ દરમિયાન તેમની એક બહેનપણીએ નોકરી માટે ગૌતમભાઇ પટેલ નામના વ્યક્તિનો મોબાઇલ નંબર આપ્યો હતો. જેના પર યુવતીએ સંપર્ક કર્યો હતો. ત્યારે ગૌતમભાઇએ તમે થલતેજ ભાગવતનગરના સરનામે આવવા માટે કહ્યું હતું. જેથી યુવતી ત્યાં મળવા ગઇ ત્યારે ગૌતમભાઇ એક મીટીંગમાં હોવાથી તેમણે યુવતીને ચારથી પાંચ દિવસ બાદ ફોન કરીને ફરી આવવા માટે કહ્યું હતું. ત્યારબાદ ગત ૯મી સપ્ટેમ્બરના રોજ તે ફરીથી ગૌતમભાઇને મળવા પહોંચી હતી અને તેમણે યુવતીને નોકરીની વાત કરવા માટે રૂમમાં બોલાવીને તેની સાથે શારિરીક છેડછાડ કરીને બળજબરી પૂર્વક સંબધ બાંધ્યો હતો. જેથી યુવતી ગભરાઇ ગઇ હતી અને ગૌતમભાઇની મદદથી નોકરી ન કરવાનું નક્કી કરીને વિરોધ કરતા તેમણે ધમકી આપી હતી. જે બાદ યુવતી સારવાર લઇને વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન પર ગયા હતા. આ અંગે પોલીસને રજૂઆત કરવામાં આવતા પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

# રાષ્ટ્રીય લોક અદાલતમાં સમાધાનની ૮.૪ કરોડ રકમથી ૭૪૧૬ કેસનો નિકાલ કરાયો




ભાવનગર : ભાવનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરાયું હતું. જેમાં અલગ-અલગ કેસોમાં ૮.૪ કરોડ સમાધાનની રકમ દ્વારા ૭૪૧૬ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો.નાલ્સા (સુપ્રીમ કોર્ટ) અને સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટી (હાઈકોર્ટ)ના આદેશ મુજબ પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ જજ એચ.એસ. મુલિયાના માર્ગદર્શન અને આર.એ. ત્રિવેદી (મેમ્બર સેક્રેટરી)ની સુચનાથી તા.૧૪-૯ને શનિવારે કોર્ટોમાં નેશનલ લોક અદાલતનું આયોજન કરાયું હતું. જેમાં ફોજદારી કેસો, મોટર એક્સીડન્ટ ક્લેઈમ પીટીશન, ચેક રિટર્ન કેસો, દેવા વસૂલાતને લગતા દિવાની તકરારના કેસો સહિત સમાધાન પાત્ર કેસો મુકવામાં આવ્યા હતા. આ રાષ્ટ્રીય લોક અદાલત થકી રૂા.૮.૪ કરોડ સમાધાનની રકમ દ્વારા ૭૪૧૬ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો. વધુમાં મોટર અકસ્માત વળતરના ૩૫ કેસનો નિકાલ કરી રૂા.૬,૧૬,૫૬,૦૦૦નો વળતરનો હુકમ કરાયો હતો. ઉપરાંત ૨૭૩૩ પ્રિલિટીગેશન કેસનોન નિકાલ કરી રૂા.૧,૦૭,૩૦,૫૭૬ વળતરનો હુકમ કરવામાં આવ્યો હતો.

લોક અદાલતને સફળ બનાવવા જિલ્લાના તમામ જ્યુડી. ઓફિસર, બાર એસો.ના પ્રમુખો-વકીલો, જિલ્લા પોલીસ વડા ડો.હર્ષદ પટેલ, નોડલ ઓફિસર ડામોર, ડિવાયએસપી સિંઘાલ, જિલ્લાના તમામ નાયબ પોલીસ અધિક્ષક, પીઆઈ-પીએસઆઈ, પોલીસ-કોર્ટ કર્મચારી, હોમગાર્ડર્સ, ટ્રાફિક પીઆઈ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના કર્મચારીઓ તેમજ ફૂલ ટાઈમ સેક્રેટરી એસ.એન.ઘાસુરા સહિતનાએ જહેમત ઉઠાવી હતી.

રાષ્ટ્રીય લોક અદાલતમાં વાહન અકસ્માત ક્લેઈમના કેસોમાં પણ સમાધાન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગર મેઈન ટ્રીબ્યૂનલના ચેરમેન એચ.એસ. મુલિયાની કોર્ટમાં ચાલતા વાહન અકસ્માત ક્લેઈમમાં મૃતક રવિકુમાર પ્રભુદાસ જોબનપુત્રાના વારસદારો વૈશાલીબેન રવિકુમાર જોબનપુત્રાના ક્લેઈમ કેસમાં ચોલા મંડલમ એમ.એસ. જનરલ ઈન્સ્યુરન્સ કુા.એ રૂા.૮૧.૫૦ લાખમાં સમાધાન કરી ભાવનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી જજ એસ.એન. ઘાસુરાના હસ્તે તેમને ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. ચેક અર્પણ કાર્યક્રમમાં અરજદારોના એડવોકેટ સી.ડી.ભલાણી, વીમા કંપનીના વકીલ કે.જે. શુકલ (રાજકોટ), એમ.એસીપી બ્રાંચ રજિસ્ટરા હિતેષભાઈ જોષી, વીમા કંપનીના અધિકારી નિરવ આશરા અને કોર્ટ સ્ટાફ હાજર રહ્યો હતો.

# એસ.ટી.ના કર્મીઓને સ્પેશિયલ પેની ગણતરીમાં ભૂલને કારણે થતું નુકશાન

ભાવનગર : એસ.ટી. નિગમના કેટલાક કર્મચારીઓને સ્પેશિયલ પેની ગણતરીમાં ભૂલ થવાના કારણે આર્થિક નુકશાન થઈ રહ્યું છે. સરકારે છઠ્ઠા પગારપંચના બેઝીક પગાર પર ૨૩૦ ટકા મોંઘવારી ભથ્થું જાહેર કર્યું છે, ત્યારે રકમના ૧૦ ટકા ગણી એરિયર્સ સહિત ચુકવી આપવા કર્મચારીઓમાં માંગણી ઉઠી છે.

સ્પેશિયલ એલાઉન્સ/ સ્પેશિયલ પે બાબતે લેબર સેટલમેન્ટની કલમ નં.૪ના (બ)માં અમુક કેટેગરીમાં ફરજ બજાવતા કર્મચારીઓને બેઝીક પગારના ૧૩ ટકા પ્રમાણેની રકમ દર માસે સ્પે. પે તરીકે આપવા જોગવાઈ થયેલ છે. જેમાં સુધારો કરીસામાન્ય સ્થાયી હુકમથી ૧૦ ટકા સ્પે. પે આપવાની જોગવાઈ કરવામાં આવી છે. જે મુજબ સ્પેશિયલ પે (માસિક) છઠ્ઠા પગારપંચના બેઝીકના ૧૦ ટકા સ્ટોર્સ ક્લાર્ક, કેશિયલ અને ફ્યુલક્લાર્કને મળવા પાત્ર થશે તેમ જણાવાયું છે. આ ઉપરાંત જે કર્મચારીઓને સ્પે. પે મળવાપાત્ર છે, તેમને છઠ્ઠા પગારપંચના બેઝીકના ૧૦ ટકા (ગ્રેડ પે વિના) સાતમાં પગારપંચના બેઝીકમાં



ઉમેરી છઠ્ઠલા પગાર પંચના બેઝીકની ૧૯૬ ટકા મોંઘવારી સાતમાં પગાર પંચ મુજબની મોંઘવારીમાં ઉમેરી ચુકવવામાં આવે છે. સરકાર દ્વારા છઠ્ઠા પગારપંચના બેઝીક બપગાર પર ૨૩૦ ટકા મોંઘવારી જાહેક રાઈ છે. જ્યારે સ્પે. પે મેળવતા જૂજ કર્મચારીઓને સ્પે. પે ૧૦ ટકાની ગણતરીની ભૂલને કારણે નુકશાન થઈ રહ્યું છે.

# દેશી બંદૂક સાથે નીલગાયના શિકાર માટે આવેલો એક શખ્સ ઝડપાયો

નડિયાદ : મહુધા પોલીસ મથકની હદમાં આવેલી વડથલ ફલોલી નહેર ઉપરથી શનિવારે સવારે એસઓજી ખેડાએ એક બાઈક ચાલકને દેશી બનાવટની જામગરી બંદૂક સાથે ઝડપી પાડયો હતો. તેની પ્રાથમિક પુછપરછમાં આ શખ્સ નીલગાયના શિકાર માટે આવ્યો હોવાનું ખૂલ્યું હતું. ત્યારે શુક્રવારે કઠલાલના મીનાવાડા તરફની મહી કેનાલ પાસે નીલગાય પર ફાયરિંગના બનાવમાં આ શખ્સની સંડોવણી હોવા અંગે એસઓજીએ વધુ તપાસ હાથ ધરી છે. વડથલ ફલોલી તરફની નહેર ઉપર એક શંકાસ્પદ શખ્સ બાઈક સાથે ઉભો હોવાની બાતમી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ ખેડાને નાઈટ પેટ્રોલિંગ દરમિયાન મળી હતી. જેના આધારે એસઓજીએ શખ્સની અટક કરી પુછપરછ કરતા તે હુસેન મીરા નથવાણી ડફેર (રહે. રાજપુર, કલોલ, જિ. ગાંધીનગર, મુળ રહે. ધંધુકા, જિ. અમદાવાદ) હોવાનું જણાવ્યું હતું. તેની તલાશી લેતા એક હાથ બનાવટની દેશી જામગરી બંદૂક, ગોળ શિશાના છરા અને દારૂગોળો મળી આવ્યો હતો. તેની પુછપરછમાં શખ્સ નિલગાયોનો શિકાર કરવા આવ્યો હોવાની જાણકારી બહાર આવી હતી. એસઓજીએ બંદૂક, મોબાઈલ, બાઈક સહિત રૂ. ૬૦,૦૭૦નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધ્યો હતો. ઉલ્લેખનીય છે કે, કઠલાલ તાલુકાના હદમાં મીનાવાડા તરફ મહી કેનાલ પાસે શુક્રવારે મોડી સાંજે ત્રણ નર અને એક માદા મળી ચાર નિલગાયો પર ફાયરિંગ કરીને શિકાર કરવામાં આવ્યું હતું. બનાવની જાણ થતાં કઠલાલ ફોરેસ્ટ વિભાગ અને સ્થાનિક પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. જેથી એસઓજીએ બંદૂક સાથે પકડેલા શખ્સને કઠલાલમાં નીલગાય ઉપર ફાયરિંગની ઘટના સાથે કોઈ સંબંધ છે કે નહીં તે અંગે એસઓજીએ વધુ તપાસ હાથ ધરી છે. કઠલાલ : નીલગાય પર ફાયરિંગની ઘટના અંગે કઠલાલના આરએફઓએ જણાવ્યું હતું કે, પીએમ રિપોર્ટમાં દરેક નીલગાયને ગોળી લાગી હોવાનું ખૂલ્યું હતું.

# ખંભાતમાં આગ લાગે તો પાલિકા પાસે અગ્નિશામક વાહન જ નથી

આણંદ : ખંભાત નગરપાલિકા દ્વારા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કર્યા વિના ફાયર વિભાગનું અગ્નિશામક વાહન રિપેરિંગમાં મૂકી દીધુ હતું. પાલિકાએ સમારકામનું રૂ.૧.૪૫ લાખનું બીલનું ચૂકવણું નહી કરતા બે મહિનાથી ખંભાતમાં અગ્નિશામક વાહન નથી. જેને લઈ ઈમરજન્સીના સમયે ફાયરબ્રિગેડનું વાહન ક્યાંથી લાવવું તે મોટો પ્રશ્ન બન્યો છે.ખંભાત નગરપાલિકાના ફાયર વિભાગનું અગ્નિશામક વાહન બંધ હોવાથી બે મહિનાથી રિપેરિંગ માટે મૂકવામાં આવ્યું છે. વાહનનું સમારકામ થયા બાદ પાલિકા દ્વારા રૂ. ૧.૪૫ લાખના બિલનું ચૂકવણું કરવામાં ન આવતા વાહન ગેરેજમાં પડી રહ્યું છે. પાલિકા પાસે માત્ર એક અગ્નિશામક વાહન છે, હાલમાં તે પણ ગેરેજમાં પડયું હોવાથી હાલ કોઈ જગ્યાએ આગ લાગે ત્યારે ઈમરજન્સીના સમયે ફાયરબ્રિગેડનું વાહન ક્યાંથી લાવવું તે મોટો પ્રશ્ન બન્યો છે. આ અંગે પાલિકાના ચીફ ઓફિસર યોગેશ ગણાત્રાએ જણાવ્યું હતું કે, ભૂતકાળમાં ફાયરના વાહનને રિપેરિંગમાં આપવા માટે ટેન્ડર પ્રક્રિયા કરાઈ નહતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.